ANUBHAVS



# પરંતુ બાર વાગવા નહીં દઉ ...

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com



- નૂતન મ્હાત્રે

હું નૂતન મ્હાત્રે બારમા ધોરણની વિદ્યાર્થીની છું. હું નિયમિત બાપુજીની ઉપાસના કરુ છું અને દર શનિવારે ઉપાસના કેન્દ્ર પર પણ જાંઉ છું. મારા ગામ ગવ્હાણ - કોપરમાં ઉપાસના કેન્દ્ર છે. મને ઘણા અનુભવો થયા છે પરંતુ હું ક્યારેય ભૂલી નહીં શકું એવા એક અનુભવની હું અહીં રજુઆત કરુ છું.

11 સપ્ટેમ્બર 2008, ગુરુવારનો દિવસ હતો. રાત્રે જમીને અમે બધા સૂઈ ગયા હતા. અમારા પરિવાર પર 'મહાકાળ'નું આક્રમણ થવાનું જ હતું પરંતુ તે પહેલા જ શ્રી અનિરુધ્ધજીની કૃપાએ અમને તેમાંથી ઉગારી લીધાં.

તે દિવસે રાત્રે મારા પિતાજી બાબુરાવ મ્હાત્રે શૌચાલયમાંથી બહાર નીકળતા હતા ત્યારે અચાનક જ તેમને લકવાનો હુમલો થયો અને તે બેભાન થઈને જમીન પર ઢળી પડયાં અને એ સાથે મોટો અવાજ થતાં મારી મા ઉંઘમાંથી જાગી ગઈ અને તરત જ પિતાજી પાસે દોડી ગઈ. પિતાજીની હાલત જોઈને તે રડવા લાગી . તેના રડવાના અવાજને કારણે હું પણ જાગી ગઈ અને ત્યાં એમની પાસે પહોંચીને ભયાનક દ્દશય જોતાં જ હું ગભરાઇ ગઈ. એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તરત જ મેં પિતાજીનાં માથા પર ઉદી લગાવી અને ઉદી વાળુ પાણી પીવડાવ્યું. તેમને હોસ્પીટલમાં લઈ જવા માટે રિક્ષા બોલાવી લાવ્યાં. અમે તેમને ગમે તેમ કરીને કપડાં પહેરાવીને રિક્ષામાં બેસાડયાં. અમારા ગામથી 12 કિ.મી. દુર હોસ્પીટલ હતી. લગભગ 5 કિ.મી. નું અંતર કપાયુ હશે ત્યાં જ આપોઆપ મારા પિતાજીએ તેમનો એક હાથ ઉપર ઉઠાવ્યો અને થોડીવાર પછી પગ પણ તેમણે સ્વંય જ હલાવ્યો. આ જોઈને અમને થોડું આશ્ચર્ય પણ થયું. અમે હોસ્પીટલમાં દાખલ થયા ત્યારે તે જાતે જ ચાલીને અંદર ગયા હતાં. આ જોઈને અમને અમારા પર જ વિશ્વાસ થતો નહોતો અને અમારી આંખો આનંદના આંસૂથી ભરાઇ ગઈ. ડોક્ટરે ચેકઅપ કરીને કહ્યું કે તેમનું બ્લડપ્રેશર વધારે છે. બીજા દિવસે ઘરે જવા માટેની રજા પણ મળી ગઈ હતી.

આ રીતે અચાનક આવેલા અમારા સંકટમાંથી બાપુજીએ અમને ઉગારી લીધા હતાં. લકવાના હુમલાનું હાઇ બ્લડ પ્રેશરમાં પરિવર્તન થઈ ગયું હતું. આ ઘટના સાથે મને બાપુજીનાં શબ્દો યાદ આવે છે ... 'હું તમારા પોણા બાર વગાડીશ પરંતુ બાર ક્યારેય વાગવા નહીં દઉં'!

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com